।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# પ્રવાહ

## વિવિધ લેખો

**પ્રિયમ્**

अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
પોષ, વિ. ૨૦૭૭

# ❊ Plan : ઉત્તમ ઉતરાણ ❊

આ વર્ષે નથી પંખીઓની પાંખો કાપવી
ને નથી માણસોના ગળા કાપવા
I promise
આ વર્ષે No હત્યાકાંડ.
આ વર્ષે આટલા વરસોના પાપો ધોવાઈ જાય એવી મજા લેવી છે.
How ?
Here is a plan for you
આ વર્ષે જુદા જુદા Age-group ના લોકો માટેના આ જુદા જુદા
Plans – માંથી કોઈ પણ એક Plan ને તમે
તમારા વિસ્તાર/ફ્લેટ/સોસા./ફ્લોર માટે
લાગુ કરી શકો છો.

❊ **Age 5 to 10 :**

(૧) Story story નો પ્રોગ્રામ રાખી સરસ બોધદાયક વાર્તાઓ કહી બાળકોને સદ્ગુણો માટે પ્રેરી શકો. છેલ્લે પ્રશ્નો પૂછી સારો જવાબ આપે તેમને ઈનામ આપી શકો.

(૨) પરમાત્માની પ્રાર્થના કરવાની સ્પર્ધા યોજી સારા સ્તુતિ-સ્તવન ગીત બોલનારને ઈનામો આપી શકો.

(૩) ધાર્મિક રમતો – સ્પર્ધાઓ કરાવી શકો.

❊ **Age 11 to 15 :**

(૧) ભગવાનની આંગી સ્પર્ધા સવારે અને ભક્તિભાવના સ્પર્ધા સાંજે આવા આયોજનમાં જોડી ઈનામ આપી શકો.

(૨) પતંગથી થતી હિંસાઓ વિષે વક્તૃત્વ/નિબંધ/એક પાત્રીય અભિનય વગેરે સ્પર્ધાઓ યોજી ઈનામો આપી શકો.

(૩) જીવદયા પર પેઈન્ટીંગ/પોઈટ્રી મેકિંગ/સોંગ મેકિંગ/સ્લોગન મેકિંગ વગેરે સ્પર્ધા યોજી ઈનામો આપી શકો.

(૪) સંઘના જ્ઞાનભંડારમાં હાઈએસ્ટ પુસ્તકોને સારી રીતે પૂંઠા ચડાવવાની કે શ્રેષ્ઠ રીતે પુસ્તક/પ્રતનો શણગાર કરવાની સ્પર્ધા રાખી શકો.

❊ **Age 16 to 35 :**

(૧) Save birds camps માં જોડાવા પ્રોત્સાહિત કરી શકો.

(૨) રસ્તાની બંને બાજુની દિવાલો પર જીવદયાની પ્રેરણા/સ્લોગન લખવાની સ્પર્ધા રાખી શકો.

(૩) હત્યાકાંડ વિષે ફોટા, સાહિત્ય વગેરે દ્વારા માહિતી આપી પતંગત્યાગની પ્રતિજ્ઞાપત્ર પર સિગ્નેચર મિશન ચલાવી હાઈએસ્ટ સિગ્નેચર્સ મેળવવાની સ્પર્ધા રાખી શકો.

(૪) અગાશીઓમાં જઈ જઈને ખૂબ જ પ્રેમ અને વાત્સલ્યપૂર્વક ફોટા વગેરે બતાવી પતંગત્યાગ માટે પ્રોત્સાહિત કરવા માટે આયોજન કરી શકો.

❊ **Age 36 to 45 :**

(૧) મોબાઈલની લતમાંથી છૂટવાના સેમિનાર્સ-માર્ગદર્શન આપવા માટે યોગ્ય વ્યક્તિઓ તૈયાર કરી શકો. અને તેમનું સંઘ/સોસાયટી/ફ્લેટ લેવલે પ્રેઝન્ટેશન થાય તેવું આયોજન કરી શકો.

(૨) ભારતીય સંસ્કૃતિ/ભાષા/પોશાક/ભોજન/જીવનશૈલી જ માનવીય જીવનને અનુરૂપ છે આવું મનમાં ઠસાવી દેવા માટે સક્ષમ વ્યક્તિઓ તૈયાર કરી તેમનું નાના-મોટા લેવલે પ્રેઝન્ટેશન કરાવી શકો.

(૩) મહાત્મા પાસે વંઠેલ છોકરાઓને પ્રેમપૂર્વક લઈ જઈ

મહાત્માનું પ્રેમાળ માર્ગદર્શન અપાવે એવા ભાઈઓને પ્રોત્સાહિત કરી શકો.

(૪) સોસાયટી/ફ્લેટ/ઘર લેવલે મહાત્માનું પ્રવચન ગોઠવી શકે એવા યુવાનોને પ્રેરણા આપી શકો.

(૫) સંઘ/જિનાલય/મહાત્માઓ પ્રત્યે ગેરસમજો ધરાવનાર વ્યક્તિને ત્યાં મહાત્માના પગલા કરાવી તેમને સાચી સમજણ અપાય – તે માટે આયોજન કરી શકો.

(૬) મહાત્માના પ્રવચનપૂર્વક અનુકંપાદન, ખીચડી વગેરે ભોજનનું દાન થાય. એવું આયોજન કરી શકો.

❄ **Age 46 to 70 :**

(૧) વેસ્ટર્ન કલ્ચર-વલ્ગર મીડિયા-વેસ્ટર્ન ડ્રેસ-ના નુકશાનો વિધર્મીઓ દ્વારા થતી ફસામણી અને ભગાડવાની પ્રવૃત્તિ આ બધા વિષે સમજણ આપી જાગૃતિ લાવવાના પ્રયાસો સોસાયટી/ફ્લેટ/ઘર લેવલે કરવા આયોજન થાય.

(૨) યોગ્ય વ્યક્તિને યોગ્ય પુસ્તક આપવા માટે અડોશ-પડોશમાં જ્ઞાનયાત્રા કરાય – એવું આયોજન થાય.

(૩) ધર્મ/સંસ્કારલક્ષી સત્કાર્ય કરનાર આસપાસની વ્યક્તિઓને ભેટ આપવાની પ્રોત્સાહનયાત્રા કરવાનું આયોજન થાય.

તમારી શક્તિ હોય તેટલા લોકોને તે તે ગ્રુપના તે તે વિભાગમાં જોડવાની પ્રેરણા કરી શકો.
અથવા છેવટે વધુ કશું જ નહીં તો તમે પોતે જ
આમાંથી ક્યાંક ને ક્યાંક ગોઠવાઈ શકો.
તો આ વર્ષે હત્યાકાંડને બદલે સત્કાર્યો કરવામાં અનેકગણો
આનંદ અનુભવાશે.
તમે જ કહેશો,
આવી મજા તો કદી આવી નથી.

## ✳ પતંગ ચગાવ્યા પછી ✳

જો તમે પતંગ ચગાવી જ ચૂક્યા હો તો હવે
આટલું જરૂર કરજો

(૧) તમારા ઘરની આસપાસના ૫૦૦ મીટરના વિસ્તારમાં કાળજીપૂર્વક તપાસ કરીને જ્યાં ત્યાં - અસ્તવ્યસ્ત રહેલા માંજાને ભેગો કરી લેજો, જેથી તે કોઈના ગળામાં ન આવે ને કોઈના પગમાં ન આવે. કોઈનું ગળું ન કપાય ને કોઈને પડી જવાથી ઈજા ન થઈ જાય.

(૨) ૫૦૦ મીટરના વિસ્તારમાં રહેલા દરેક વૃક્ષોમાં ભરાયેલા માંજાને કાળજીપૂર્વક દૂર કરજો, જેથી તેમાં ફસાયેલા પંખીઓ મરી ન જાય.

(૩) ૫૦૦ મીટરના વિસ્તારમાં રહેલા દરેક વૃક્ષોમાં ફસાઈ ગયેલા પંખીઓના પગમાંથી માંજો કાઢીને તેમની યોગ્ય સારવાર કરજો.

(૪) રોડ પર જ્યાં ત્યાં રહેલા માંજાના ગોટાને કાળજીપૂર્વક લઈ લેશો. જેથી ગાય માતા એને સૂતરફેણી સમજીને ખાઈ ન જાય.

(૫) પાંજરાપોળમાં જઈને દરેક ઘાયલ પંખીને હૃદયપૂર્વક sorry કહી આવજો એન દરેક પંખી માટે તમારા તરફથી કંઈક ખાવાનું કે પૈસા આપજો.

(૬) Bird Camp - ની દરેક સંસ્થાને તમારા તરફથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી-દાન જરૂર આપજો.

(૭) પંખીઓને બચાવવા દોડાદોડ કરનારાઓને તમારા તરફથી નાની/મોટી ગિફ્ટ જરૂર આપજો.

(૮) માંજાથી જેઓ ગળું કપાઈ જવાથી મૃત્યુ પામ્યા હોય તેમના ઘરે આશ્વાસન અને સહાય ફંડ જરૂર આપજો.

*Come*

*You are Different*

*You are Special*

*Do some Different*

*& Special*

*Wish You all The Best.*

ચાલો

આજની વાસી ઉતરાણ

આ રીતે ઉજવીએ

અને

આપણે આપણને ખાતરી

આપી દઈએ

કે આપણે માણસ જ છીએ

આપણામાં ખૂબ માણસાઈ છે

આપણે

રાક્ષસ નથી જ.

# पञ्चपुष्पी गुरुपूजा

**सूर्यवत्तपसां तेजः, सोमवच्चापि सोमता ।**
**गभीरता समुद्राभा, सरिद्वच्च पवित्रता ।।**

*सूर्य जैसा तप का तेज,*
*चन्द्र जैसी सौम्यता, सागर जैसी गंभीरता*
*और सरिता जेसी पवित्रता...*

**सत्पुण्यप्राज्यसाम्राज्ये, ह्यहो सच्चक्रवर्तिता ।**
**समाधिनन्दने साक्षात्, शक्रवत्सन्निमग्नता ।।**

*पुण्यानुबन्धि पुण्य के साम्राज्य में परम चक्रवर्तिता और*
*समाधि के नन्दनवन में साक्षात् शक्र जैसी निमग्नता...*

**अहो कान्तिरहो क्षान्ति – रहो कीर्तिरहो धृतिः ।**
**अहो तत्त्वमहो सत्त्व – महो दीप्तिरहो मतिः ।।**

*अहो कान्ति.... अहो क्षमा...*
*अहो कीर्ति... अहो धृति... अहो तत्त्व.... अहो सत्त्व...*
*अहो दीप्ति... अहो मति...*

**अहो वत्सलतावार्धि – रहो कारुण्यपुण्यता ।**
**अहोऽन्तर्मुखताराज्य – महो जीवद्विमुक्तता ।।**

*अहो वात्सल्य का सागर...*
*अहो करुणा से पावनता... अहो अंतर्मुखता का राज्य...*
*अहो जीवन्मुक्ति की अनुभूति...*

**सोऽयमाचार्यवर्योऽस्तु, श्रीनवरत्नसागरः ।**
**जिनशासनभक्तानां, सर्वदा मङ्गलप्रदः ।।**

*ऐसे आचार्यवर्य श्रीनवरत्नसागरसूरीश्वरजी महाराजा*
*जिनशासन के भक्तों को हमेशा मंगल प्रदान करे ।*

# आजीवन उपवासी

"साहबजी ! आप शिलान्यास में आयेंगे या नहीं ?"
"यदि हेमचन्द्रसूरिजी महाराज आयेंगे तो में आउंगा ।
यदि वे नहीं आयेंगे तो मैं नहीं आउंगा ।"
"ऐसा क्यों साहबजी ?"
यदि वे न आये, और मैं गया
तो मैं मुख्य हो जाउंगा, मुज़े मुख्य नहीं होना है ।
बस... इसीलिये..."
कुछ दिन पहले की ही यह घटना
आमली – पार्श्व लक्झरिया....
सिद्धान्तदिवाकर गुरुदेवश्री के
समाधिमंदिर का शिलान्यास...
अरबोपति गुरुभक्तों द्वारा आयोजित प्रोग्राम...
निश्रादाता के रूप में स्वर्णिम अक्षरो में स्थान...
**अहं को भरपेट भोजन मिले ऐसा अवसर...**
**और पूज्यश्री की ऐसी शुद्ध उपवास की भावना...**
**अहं से दूर जाना और आत्मा की समीप आना**
**इसी का नाम तो आध्यात्मिक उपवास होता है ।**
याद आती है अष्टावक्रगीता –
**यदा नाहं तदा मोक्षो यदाऽहं बन्धनं तदा ।**
जब अहं नहीं, तब मोक्ष होता है,
जब अहं है, तब बन्धन होता है ।
अहं का अर्थ है संसार,
आत्मा का अर्थ है मोक्ष ।
**अहं का अर्थ है बन्धन,**
**आत्मा का अर्थ है मुक्ति ।**

अहं का अर्थ है दुःख,

आत्मा का अर्थ है सुख ।

याद आते है पू. सिद्धसेन दिवाकरसूरिजी –

**दुःखमहङ्कारप्रभवम् ।**

संसार के समस्त दुःख की जड़ अहंकार ही है ।

पूज्यश्री के परिचय में जो भी आता है

वह उनकी प्रसन्नता को देख मन्त्रमुग्ध बन जाता है

वह आश्चर्यचकित हो जाता है

कि जहा सांसारिक एक भी सुख-साधन नहीं है,

वहा इतनी प्रसन्नता कैसे हो सकती है ?

क्यों हम इतना कुछ होते हुए भी दुःखी है ?

पूज्यश्री क्यों कुछ भी न होते हुए भी सुखी है ?

**पूज्यश्री की प्रसन्नता का रहस्य यही है –**

**अहंशून्यता ।**

किसी प्रोग्राम में मुख्य होना – यह पद हो,

किसी संस्था में प्रमुख होना – यह पद हो,

मंत्री, मुख्यमंत्री या प्रधानमंत्री का पद हो,

या देव – देवेन्द्र का भी पद क्यों न हो ?

स्वयं अच्च्युतेन्द्र का पद भी क्यों न हो ?

यह सब उत्कृष्ट पद नहीं है,

विश्व का सर्वोत्कृष्ट पद है – अहंशून्यता ।

याद आती है अष्टावक्रगीता –

**यत् पदं प्रेप्सवो दीनाः, शक्राद्याः सर्वदेवताः ।**

**अहो तत्र स्थितो योगी, न हर्षमुपगच्छति ।।**

जिस पद को पाने के लिये

शक्रेन्द्र आदि सभी देवता भी दीन है

अहो ! योगी उस पद पर बिराजमान है,
फिर भी उन्हें गुदगुदी नहीं होती है ।
अहंशून्यता के पद पर अहं जग भी कैसे सकता है ?
पूज्यश्री न कही आपना नाम रखवाते है,
न फोटू... न कोइ प्रसिद्धि का प्रयास...
न ही कोइ ऐसी इच्छा...
मानों जिनागम की पूर्ण परिणति –
**अत्तत्ताए परिव्वए**
मैं न हज़ारो श्लोक प्रमाण **संस्कृत साहित्य का लेखक,**
न मैं **तार्किकशिरोमणि,**
न मैं **संयमशिरोमणि,**
न मैं पंचपरमेष्ठी के **तृतीय पद पर आरूढ,**
न मैं 92 years की Age पर भी **अप्रमत्त साधक,**
न मैं **सूक्ष्मचिन्तन–कर्ता,**
न मैं विशाल शिष्य परिवार का नायक,
न मैं विद्वान... न मैं पुण्यवान... न मैं जगच्चन्द्रसूरि
मैं केवल आत्मा... शुद्ध आत्मा...
**अत्तत्ताए परिव्वए ।**
मेरे जैसे आगम पढ़ सकते है,
रट सकते है, याद रख सकते है,
तोते की तरह शास्त्रपाठ बोल सकते है,
पर पूज्यश्री तो स्वयं शास्त्र बन सकते है,
स्वयं आगम को जी सकते है
**जीवंत जिनागम**
**जागता जिनागम**
**ऐसे पूज्यश्री के चरणकमल में**
**हमारा श्रद्धापूर्ण नमस्कार सादर समर्पित ।**

# ✳ The Ocean of the inner Wealth ✳

[શ્રી પરમાનંદ સંઘ - વીતરાગ સોસાયટી, અમદાવાદમાં
જન્મશતાબ્દી નિમિત્તે થયેલ ગુણાનુવાદ ઝલક]

સદ્ગુરુના ચરણોમાં શિષ્ય બેઠાં છે. હાથ જોડેલા છે, પાંપણો ઢળેલી છે, આંખો થોડી ભીની છે, સમર્પણની સંવેદના રોમ રોમને ઝંકૃત કરી રહી છે. સુવર્ણસિદ્ધિનો રસ હકીકતમાં શું હોય છે ? એ હોય છે સદ્ગુરુનું સાન્નિધ્ય. જે શિષ્યના આત્મદ્રવ્યમાં રસવેધ કરી દે છે.

યાદ આવે ષોડશક -

**भावरसेन्द्रात्तु ततो महोदयाज् जीवताम्ररूपस्य ।**
**प्रायेण भवति परमा प्रतिबद्धा सिद्धकाञ्चनता ।।**

*ભાવ-રસેન્દ્રથી મહોદય થાય છે જેનાથી*
*પ્રાયઃ જીવ-તામ્રરૂપ પરમ પ્રતિબદ્ધ સિદ્ધસ્વરૂપ-કાંચન*
*થઈને રહે છે.*

સાન્નિધ્યમાં મૂળ શબ્દ છે સન્નિધિ. જેનો એક અર્થ થાય છે હાજર ખજાનો અથવા સુંદર ખજાનો. દુનિયાની એવી કોઈ બાહ્ય કે આંતર સંપત્તિ નથી, જે સદ્ગુરુના સાન્નિધ્યમાં ન મળે. બાહ્ય-આંતર બધી જ સંપત્તિનો ખજાનો છે સદ્ગુરુનું સાન્નિધ્ય-સન્નિધિ. હજી ભીતરમાં જઈએ તો ખબર પડશે કે સદ્ગુરુ ખુદ જ વિશ્વનો બેજોડ ખજાનો છે.

**એવા જ એક સદ્ગુરુ એટલે શતાધિકવર્ષાયુ ગચ્છાધિપતિશ્રી શ્રીદોલતસાગરસૂરીશ્વરજી મહારાજા. ગુરુવાણી એ સદ્ગુરુનું ભાવ-સાન્નિધ્ય હોય છે. પૂજ્યશ્રીએ પોતાના જીવન દ્વારા આપણને પાંચ સંદેશ આપ્યા છે. 'ગુરુવાણી' સ્વરૂપ - સદ્ગુરુના ભાવસાન્નિધ્યસ્વરૂપ - આ પાંચ સંદેશ દ્વારા સદ્ગુરુના પ્રભાવપાત્ર બનવા દ્વારા તાંબા જેવી આપણી દશાને શુદ્ધ સોનું બનાવી દેવાનો પ્રયાસ આજે કરવો છે.**

## સંદેશ - ૧ : 'તું તને ધો'

આખી જિંદગી આગમમાં ડુબેલા પૂજ્યશ્રીને આગમોના મંથનમાંથી આ રત્ન મળ્યું હતું...

**अज्झत्थं सुद्धमेसए**

*તું શુદ્ધ અધ્યાત્મની એષણા કરતો રહેજે.*

શુદ્ધ પિંડની ગવેષણા એ વ્યવહાર એષણા સમિતિ છે. શુદ્ધ અધ્યાત્મની ગવેષણા એ નિશ્ચય એષણા સમિતિ છે. પૂજ્યશ્રી ગોચરી માટે ગયા હોય કે ન ગયા હોય, પૂજ્યશ્રીના જીવનમાં આ નિશ્ચય એષણા સમિતિ તો આજ સુધી સતત ચાલુ રહી છે. આજે એક યુવાન મળવા આવ્યો. મને કહે પૂજ્યશ્રીએ અહીં ચોમાસું કર્યું. જ્યારે જોઈએ આગમમાં જ હોય... કહે.. 'મારે આગમમંદિર બનાવવું છે...' પૂજ્યશ્રીએ સાત-સાત આગમમંદિરની સફળ પ્રેરણા કરી છે. આપણને થાય પૂજ્યશ્રીને હજી કેટલા આગમમંદિર બનાવવા છે !... ને એ પણ આ વયે ...!

**लोकोत्तराणां चित्तानि को नु विज्ञातुमर्हति ।**

*લોકોત્તર મહાપુરુષોનું ચિત્ત કોણ જાણી શકે ?*

**કદાચ પૂજ્યશ્રીની આ સંવેદના છે કે મારે મારી ભીતર આગમમંદિર બનાવવું છે, મારે મારા આત્માના પ્રત્યેક પ્રદેશ પર પિસ્તાલિશે આગમો લખવા છે. આગમના અમૃતના છાંટણા મારા આત્માના પ્રદેશે પ્રદેશે કરવા છે, ને એના દ્વારા મારે મારા આત્માને ધોઈ નાંખવો છે.**

સદ્‌ગુરુ ! આપે તો આપના આત્માને ધોઈ જ નાંખ્યો છે. આપે તો આના દ્વારા અમને સંદેશ આપ્યો છે -

**તું તને ધો.**

## સંદેશ - ૨ : 'તું તને ઢાંક'

આગમ એક લિન્ક છે... જે ઉત્તરોત્તર કલ્યાણ કરતું જ રહે છે. પૂજ્યશ્રીને આગમમાંથી બીજું રત્ન મળ્યું -

**विहरेज्ज समाहिइंदिए ।। सूत्रकृतांगसूत्र ।।**

***તું ઈન્દ્રિયોને સમાહિત કરીને વિચરજે.***

ઢાંકવું એટલે મ્યાન કરવું. જે ઈન્દ્રિયો મ્યાન છે તો આત્મા સલામત છે. જો ઈન્દ્રિયો ઉછળ-કૂદ કરે છે. જો ઈન્દ્રિયો ઉચ્છૃંખલ છે, તો આત્મા પૂરા જોખમમાં છે. પૂજ્યશ્રીનું કેલેન્ડર અત્યારે મારી નજર સામે છે, સંથારામાં સૂતા સૂતા ય પૂજ્યશ્રીએ માથુ એક ફૂટ અદ્ધર ઊંચું કર્યું છે. અને દૃષ્ટિ પુસ્તકની અંદર ધરબાઈ ગઈ છે. આ ઉંમરે... આ દૃશ્ય... ખરેખર દુનિયાભરમાં મળવું દુર્લભ છે. હવે ઈન્દ્રિયો શી રીતે માથું ઊંચકી શકે. અરે, આવા મહાપુરુષની સમક્ષ તો ઈન્દ્રિયો ય લાજ કાઢીને માથું આખું ઢાંકીને પૂર્ણ મર્યાદામાં રહે. આ છે પૂજ્યશ્રીનું જીવનચિત્ર... આ છે પૂજ્યશ્રીનો જીવનસંદેશ - તું તને ઢાંક.

## સંદેશ - ૩ : 'તું તને જો'

પૂજ્યશ્રી સતત આગમના એક વચનનું અનુસરણ કરતા રહ્યા...

**एगे आया ।। स्थानांगसूत्र ।।**

***આત્મા એક છે.***

એકને નથી જોતા એ બધા દ્વંદ્વમાં અટવાતા રહે છે. એક નથી ત્યાં ખખડાટ છે. એક નથી ત્યાં અથડાવાનું છે. નજર બધેથી હટે ને એકમાં ઠરે તો બધી જ તકલીફ આપો આપ શમી જાય છે. તકલીફ હોવા છતાં નથી રહેતી, આપણા માટે તો નથી જ રહેતી. એકડે એક. બગડે બે. એકમાં આનંદ છે. બેમાં બાજી બગડી જાય છે, તો પછી એકને જ કેમ ન જોવો ?

પૂજ્યશ્રી પૂજ્યશ્રી છે કારણ કે એમણે બધેથી નજર ઉઠાવીને ફક્ત આત્માને જોયો છે. એક પટેલ પરિવારમાંથી ભયંકર વિરોધ વચ્ચે દીક્ષા માટે ભાગવું. જેતપુરથી ધિણોજ જવું. ટ્રેઈન જતી રહી હોવાથી ટ્રેક પર ચાલતા ચાલતા મહેસાણા પહોંચવું. ત્યાં મહાત્માઓના માર્ગદર્શનથી

અમદાવાદ પહોંચતા રાત પડી ગઈ હોય, ને પૂજ્યશ્રી આજીજી કરે - મારે આજે જ દીક્ષા લેવી છે... આત્મદૃષ્ટિ કેવી સોળે કળાએ ખીલી હશે ?

પૂજ્યશ્રીને જ્યારે જ્યારે જોવાનું થયું છે ત્યારે ત્યારે એમ લાગ્યું છે કે ખરેખર પૂજ્યશ્રી બહાર નથી જોઈ રહ્યા... અંદર જોઈ રહ્યા છે... ને આપણા માથે જાણે વાત્સલ્યભરી ટપલી મારીને કહી રહ્યા છે - 'બહાર શું ડાફોળિયા મારે છે ? તું તને જો.'

યાદ આવે ભગવદ્‌ગીતા -

**भिद्यते हृदयग्रन्थि – श्छिद्यन्ते सर्वसंशयाः ।**
**क्षीयन्ते चास्य कर्माणि, तस्मिन् दृष्टे परावरे ।।**

*હૃદયગ્રંથિ ભેદાઈ જાય છે*
*સર્વ સંશયો છેદાઈ જાય છે*
*ને એના કર્મો ય ત્યારે ક્ષય પામે છે*
*જ્યારે એ*
*એ 'એક'ને જોઈ લે છે.*

પૂજ્યશ્રી પાસેથી આપણે આટલું શીખી લઈએ, તો આપણે કશું જ શીખવાની જરૂર નથી, આથી વધુ કાંઈ છે પણ નહીં.

જિનશાસનમાં ત્રણ દીક્ષા રાતે સાંભળી છે. એક ઉપમિતિના કર્તા પૂ.સિદ્ધર્ષિગણિ મહારાજાની, બીજી અવંતિસુકુમાલની અને ત્રીજી પૂજ્યશ્રીની. કેવો પરાકાષ્ઠાનો વૈરાગ્ય હશે ! કેવી એમની તાલાવેલી હશે કે ગુરુજનોએ એમની ભાવના સાકાર કરી અને રાતે ય દીક્ષા આપી. વળી સમાચાર મળ્યા - પટેલો આવે છે ને ગુર્વાજ્ઞાથી પૂજ્યશ્રી એક જ રાતમાં ૫૦ કિ.મી.નો વિહાર કરી વહેલાલથી કપડવંજ પહોંચ્યા.

કેવો પુરુષાર્થ ! કેવી આત્મવિશ્રાન્ત દૃષ્ટી !

મોક્ષે જવાની આ સરળ ફોર્મ્યુલા છે - તું તને જો.

## સંદેશ – ૪ : 'તું તને બચાવ'

પૂજ્યશ્રીએ આગમમાંથી આ અર્ક મેળવ્યો છે –

**अप्पा खलु सययं रक्खियव्वो ।। दशवैकालिकसूत्र ।।**

*તું સતત તને બચાવતો રહેજે.*

આખી જિંદગી આપણે બીજી-ત્રીજી-ચોથી પળોજણ કરતા રહીએ છીએ. જેને પહેલો નંબર આપવો જોઈએ, એને છેલ્લો નંબર પણ આપી શકાતો નથી, છેવટે... એ બચતો નથી. એ ડુબી જાય પછી બીજું બધું હોવા છતાં ન હોવા બરાબર જ છે.

છગન રસ્તા પરથી જતો હતો. ત્યાં તળાવના બાંકડે બેઠેલો મગન દેખાયો. છગને જોયું કે એ જ સમયે તળાવમાં કોઈ ડુબી રહ્યું છે. છગને બૂમ પાડી, ''અલ્યા મગન ! જો આ બોર્ડ પર શું લખ્યું છે ? ડુબતાને બચાવે એને રૂા. ૫૦૦ ઈનામ. જા બચાવ એને, તને ૫૦૦ રૂા. મળી જશે.'' મગને ઠંડા કલેજે કહ્યું, ''બોર્ડની બીજી બાજુ વાંચ. ત્યાં લખ્યું છે. મડદું કાઢી આપે એને ૧૦૦૦ રૂા. ઈનામ.''

કેટલાકને ફક્ત ગણિતની ભાષા સમજાતી હોય છે, પણ આપણે પોતે જ ડુબી જઈશું ત્યારે ગણિત શું કામ લાગશે ? પૂજ્યશ્રીનું જીવન આપણને અપીલ કરી રહ્યું છે... 'તું તને બચાવ.' પૂજ્યશ્રી પટેલ પરિવારમાં જન્મ્યા. પોતે પોતાને બચાવ્યા. પોતાના વતનના લોકોને પણ બચાવ્યા. મહેસાણા પાસે જેતપુર ગામમાં શિખરબંધી જિનાલય કરાવ્યું. જ્યાં પ્રતિદિન ૪૦૦ પટેલો જિનભક્તિ કરે છે.

## સંદેશ – ૫ : 'તું તને ખો'

પૂજ્યશ્રી આગમના સાગરમાં મરજીવા બન્યા ને એક મોતી ખોળી કાઢ્યું – **उड्ढं जाणू अहो सिरे ।। भगवतीसूत्र ।।**

*ગૌતમ સ્વામી જેવા સાધકો કઈ મુદ્રામાં બેસતા –*
*જાનુ ઉપર અને માથું નીચે.*

झाणकोट्ठोवगए ।। भगवतीसूत्र ।।

*જાણે ધ્યાનના કોઠામાં ગરકાવ થઈ ગયેલા.*

એક સંત હતા. એમની પાસે કોઈ જિજ્ઞાસુ આવ્યા. પૂછ્યું, ''ભગવાન કઈ રીતે મળી શકે ?'' સંતે કહ્યું, ''પ્રશ્ન ખોટો છે.'' યુવાન મુંઝાયો. જવાબ મળવાનું તો ઘેર ગયું ને ઉપરથી... પળે પળે યુવાનની મૂંઝવણ વધી રહી છે, ને સંતે કહ્યું, ''ખરો પ્રશ્ન એ છે કે 'હું કઈ રીતે ખોવાઈ શકું ?' જો હું ખોવાઈ જાય, તો ભગવાન મળી જ જવાના છે.'' યાદ આવે પેલી કવિતા -

**बेखुदी हो जाये ऐसी खुद से मिट जाये खुदी ।**
**उसको मिलने का तरीका अपने खो जाने का है ।।**

**પૂજ્યશ્રીએ એક જીવનમાં બધા જ આગમોનું ૩૫ વાર અવગાહન કરેલ છે. ખોવાઈ જવાનો આથી વધુ પુરાવો બીજો ક્યો હોઈ શકે.** પૂ. સાગરજી મ.એ અંતિમ દીક્ષા આપી પૂજ્યશ્રીને. ફક્ત દીક્ષા જ નહીં આગમોનો અવિહડ અનુરાગ પણ આપ્યો. અદ્ભુત અપ્રમત્ત ભાવ પણ આપ્યો. પરમ અંતર્મુખતા પણ આપી.

પૂ.સાગરજી મ.ની સાથે પૂજ્યશ્રી આંતરે આંતરે ૯ વર્ષ સુધી રહ્યા. પૂજ્યશ્રીએ એમના છેલ્લા ૧૫ દિવસની સાધના મંત્રમુગ્ધ બનીને જોઈ. ન ટેકો. ન દેહાધ્યાસ. દિવસ-રાત ધ્યાનમગ્નતા. પૂર્ણ નિઃસંગતા. માખી-મચ્છર સુદ્ધા ઉડાવતા નહીં. શિષ્યોનું ધ્યાન જાય ને તેઓ ઉડાવે. ડોકટરની કોઈ ટ્રીટમેન્ટ લીધી નથી.

**બસ... પૂજ્યશ્રી જોતા રહ્યા. પૂ.સાગરજી મ.નો એક એક રોમ પૂજ્યશ્રીને જાણે કહી રહ્યો હતો. 'તું તને ખો.' એમની આખી ય ઓરા જાણે મુખર બની ગઈ હતી... 'તું તને ખો...' ને પૂજ્યશ્રીના આત્માના પ્રત્યેક પ્રદેશે એ સાદ ઝીલી લીધો. આજે નજર સામે આપણે જોઈ શકીએ છીએ, કે પૂજ્યશ્રીએ એમનો વારસો લીધો, જાળવ્યો અને વધાર્યો.**

હજી ય ગામે ગામ આગમમંદિર ને ઘર ઘર આગમમંદિર એ પૂજ્યશ્રીનું

સ્વપ્ન છે, આ સ્વપ્નનું ય હાર્દ તો એ જ છે કે પૂજ્યશ્રી ઘટ-ઘટમાં આગમમંદિર ઈચ્છે છે. થોડા દિવસ પહેલા મારી પાસે એક ભાઈ આવ્યા. પૂજ્યશ્રીના પ્રેરણાથી એમના ઘર દેરાસરમાં તામ્રપત્રીય દશવૈકાલિક આગમ લગાવવાનું હતું. તે માટે તેમને મારું કામ હતું. પૂજ્યશ્રીના કેવી પવિત્ર ભાવના !

પૂજ્યશ્રી માત્ર દ્રવ્ય આગમમાં નથી ખોવાયા. ભાવ આગમમાં પણ ખોવાયા છે. શિખરજી સુધી માણસ રાખ્યા વિના વિહારો કર્યા છે. બેથી ત્રણ લાખ કિ.મી.ની પદયાત્રા કરી છે. વિહારમાં પાણી ન મળે તો આગગાડીના એન્જિનમાં કોલસાનું ગરમ પાણી પણ વહોર્યું છે. વિહારમાં રાતવાસાનું સ્થાન ન મળ્યું તો રેલ્વે સ્ટેશનમાં ય સંથારો કર્યો છે. ઝાડ નીચે ય સંથારો કર્યો છે અને શ્મશાનમાં પણ સંથારો કર્યો છે. માથે પોટકું જાતે ઉંચકીને ય વિહાર કર્યો છે. આ ભાવે ને આ ન ભાવે, આ ફાવે ને આ ન ફાવે એનાથી પૂજ્યશ્રી સદંતર દૂર રહ્યા છે. વિકથા-નિંદામાં પૂજ્યશ્રીને કોઈ રસ જ નથી.

ક્યારેક એવું બને કે સંયમશુદ્ધિ વગેરે ગુણો હોય પણ સરળતા ન હોય. પૂજ્યશ્રીની પરાકાષ્ઠાની સરળતાનો અનુભવ અમને શંખેશ્વરમાં થયો હતો. પૂજ્યશ્રી આગમમંદિરથી મૂળ જિનાલયે પધારેલા. અમે ઉપાશ્રયમાં હતા. ઉપાશ્રયની એક રૂમ દાદાના જિનાલયની તદ્દન સમીપમાં હતી. એ રૂમમાં બારી પાસે ગુરુદેવની પાટ હતી. પૂજ્યશ્રીને મળવાનું તો થતું જ. બંને મહાપુરુષોનો પરસ્પરનો સદ્ભાવ...

પૂજ્યશ્રી દાદાના દર્શનાદિ કરીને પાછા જઈ રહ્યા હતા, એ રૂમ પાસે આવ્યા, બારી પાસે આવ્યા, ગુરુદેવની પીઠ દેખાઈ, પૂજ્યશ્રીએ બહારથી-રસ્તા પરથી ગુરુદેવને કહ્યું, “શાતામાં છો ?”

આમ જુઓ તો બહુ નાની ઘટના છે, પણ પોતાના પેટાળમાં બહુ મોટી મહાનતા સમાવીને બેઠી છે. પોતે ગુરુદેવ કરતા ઉંમરથી ૧૧ વર્ષ મોટા, પર્યાયથી ૧૧ વર્ષ મોટા, પોતે ગચ્છાધિપતિ અને આ રીતે બહાર-

થોડા નીચે ઊભા રહીને શાતા પૂછવી એ પરાકાષ્ઠાની સરળતા વિના શક્ય જ નથી.

પૂજ્યશ્રીની આ શાતાપૃચ્છાની સાથે જ ગુરુદેવે એ તરફ જોયું. ૮૨ વર્ષની વયે પણ ગુરુદેવ સ્પ્રીંગની જેમ પાટ પરથી નીચે ઉતરી ગયા... પધારો સાહેબ અંદર... મહાપુરુષોની સહૃદયતાનું કેવું માધુર્ય !...

સદ્ગુરુ એટલે નીતરતી મધુરતા... સદ્ગુરુ એટલે સાક્ષાત્ સુધા... સદ્ગુરુ એટલે પ્રત્યક્ષ સ્વર્ગ... પૂજ્યશ્રી એટલે ખરેખર સદ્ગુરુ. સદ્ગુરુનું સાન્નિધ્ય આપણા માટે રસવેધ બની રહે, આત્મતામ્રને સુવર્ણસિદ્ધિનો યોગ થાય.. પૂજ્યશ્રીના પાંચ જીવનસંદેશ આપણા સહુમાં જીવંત બને એવી પ્રભુને પ્રાર્થના.

✺

## * પાપ પોકારે છે ત્યારે *

એક ભાઈ... સ્વભાવ જરા અલગ ટાઈપનો.

❖ કોરોનાના હિસાબે અલગ અલગ - અજાણ્યા ઘરોમાં ગોચરી ન જઈ શકાય એવી ગુર્વાજ્ઞાથી ચોક્કસ ઘરોમાં ચોક્કસ સમયગાળા માટે વારાફરતી સુપાત્રદાન થાય એવી વ્યવસ્થા થઈ તો પ્રશ્નો ઉઠાવ્યા. અતિ વયોવૃદ્ધ ગીતાર્થ આચાર્ય ભગવંતની આજ્ઞા કરતા પોતાની સમજ વધારે એવું પુરવાર કરતી ટીકાઓ કરી.

❖ સંઘના ટ્રસ્ટીઓની ભાવના થઈ કે પ્રવચન ચાલુ થાય, ગુરુ ભગવંતે ગુર્વાજ્ઞા થાય તો સમ્મતિ આપી. ગુર્વાજ્ઞાથી ટ્રસ્ટીઓએ જાહેરાત કરી. 'પ્રવચન થાય તો પોલિસ કમ્પ્લેઈન કરીશ' એવી ધમકી ટ્રસ્ટીઓને આપીને આ ભાઈએ પ્રવચન ન થવા દીધું. જાહેર થયેલ પ્રવચનો કેન્સલ થયા.

❖ પ્રવચનમાં શાંતિની જરૂર હોવા છતાં બહાર વાતો અને વાહનનો અવાજ કર્યો. ગુરુ ભગવંતના શિષ્ય પ્રવચન સમયે બહાર રહ્યા. તેમને વિનંતી કરી, તેમણે સુધરવાને બદલે કહ્યું, 'ટ્રસ્ટીઓને કહો કે ઉપાશ્રય સાઉન્ડપ્રુફ કરાવી દે.' (આ પછીથી થયેલ પ્રવચનોની વાત છે.)

❖ બજારાદિ બધું ચાલું ને દેરાસર જ બંધ આ મુદ્દે ગુરુ ભગવંત અત્યંત વ્યથિત હતા. એમની પ્રેરણા સમક્ષ આ ભાઈએ તીવ્ર વિરોધ નોંધાવ્યો. ટ્રસ્ટીઓ દેરાસર ખોલવા સમ્મત હોવા છતાં સંઘને દર્શન-પૂજામાં અંતરાય કર્યો. ગુરુ ભગવંતે - શા માટે આવા પાપમાં પડો છો ? - એમ લાગણીપૂર્વક સમજાવવા છતાં ન સુધર્યા.

❖ કોરોનાનો ગભરાટ અને નહિંતરે વ્યાખ્યાનમાં નહીં આવતો વર્ગ - આ બેને ધ્યાનમાં લઈ ગુરુ ભગવંતે સંઘ-માસિકની-વિવિધ ગુરુ ભગવંતોના લેખિત પ્રવચનો ઘરે ઘરે પહોંચે-તેવી પ્રેરણા કરી. ટ્રસ્ટીઓએ તે ચાલુ કરવાનો નિર્ણય લીધો. આ ભાઈએ પેઢીમાં લેખિત વિરોધ નોંધાવ્યા, 'દેરાસરે ઊભો રહીને ટ્રસ્ટીઓ વિરુદ્ધ હેન્ડબિલ વહેંચીશ' આવી ધમકી એક ટ્રસ્ટીને આપી.

આખું ચોમાસું એ ભાઈ આવું કંઈ ને કંઈ કરતા રહ્યા. તદ્દન સાજા-સ્વસ્થ-સ્ફૂર્તિ ધરાવતા આ ભાઈ ગઈ કાલે (ચોમાસાના બે દિવસ પછી) ઑફ થઈ ગયેલ છે. કોરોના-હોસ્પિટલ-બે-ત્રણ દિવસમાં વાત પૂરી. કોઈની નિંદા નથી કરવી, ગયા એમનું સારું જ બોલાય, માટે જ નામ આપવું નથી. આ વાત છે સકલ શ્રીસંઘને સંદેશ આપવા માટે...

(૧) દેરાસરમાં દર્શન-પૂજામાં અંતરાય ભૂલે-ચૂકે કરશો નહીં.

(૨) **જિનવાણીમાં અંતરાય પાડવો એ પ્રવચનપ્રત્યનીકતા છે,** ખૂબ ખૂબ મોટો દોષ છે, તમારે ન આવવું હોય તો ન આવશો પણ અંતરાય કે ટીકા કરીને પાપ વહોરી લેવાની ભૂલ કરશો નહીં, તમારું પાપ તમારે જ ભોગવવું પડશે.

(૩) **ટ્રસ્ટીઓ એ સંઘના અગ્રણી અને પ્રતિનિધિ હોય છે.** તેમનો વિરોધ એ તીર્થંકરોને પણ વંદનીય એવા સંઘનો વિરોધ હોય છે. આપણને કંઈક ખોટું લાગે તો ગુરુ ભગવંતોનું માર્ગદર્શન લઈને ઘરમેળે વાત કરીએ. **ટ્રસ્ટીઓને ધમકી આપવી એ સંઘની પરમ આશાતના છે. જેનું પરિણામ ખૂબ જ ભયંકર છે.**

(૪) માસિકરૂપે લેખિત વ્યાખ્યાન એ એક અપેક્ષાએ કાળોચિત સમવસરણ છે. વર્તમાનપત્રો-ટી.વી.-સોશિયલ મીડિયા વગેરે પરાકાષ્ઠાની નિમ્નતા ફેલાવતા હોય. એમના વિરોધની બદલે આ રીતે **જિનવાણીનો વિરોધ કરવો એ અનંત તીર્થંકરોની આશાતના છે. અનંત ભવભ્રમણનું અને અનંત દુર્ગતિનું કારણ છે.** આ કે આવા કોઈ પણ આરાધનાના આલંબનનો વિરોધ કરવાનું પાપ કદી પણ કરશો નહીં. આ તીવ્ર પાપ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય ત્રિષષ્ટિચરિત્રમાં કહે છે -

**अत्युग्रपुण्यपापानां सद्य एवाप्यते फलम् ।।**

***અતિ ઉગ્ર પુણ્ય અને અતિ ઉગ્ર પાપ આ બેનું ફળ તો તત્કાળ જ મળે છે.***

જે ભાઈ ગયા એમના પણ કોઈ ગુણો હશે. આરાધના હશે, એની અનુમોદના કરું છું. સમાચાર જાણી મને પણ આંચકો લાગ્યો ને દુઃખ પણ થયું એ હકીકત છે. સકળ શ્રીસંઘને વિનંતિ, આ લેખને નિંદા રૂપે ન લેશો. 'શીખ' રૂપે લેશો, આમાંથી શીખજો અને આવી પ્રવૃત્તિને જીવનમાં કદી પણ સ્થાન આપશો નહીં. **આવી પ્રવૃત્તિ ભવોભવ દુઃખી થવાનો રસ્તો છે. આવું તમારાથી ભૂલથી પણ ન થાય અને તીવ્ર પાપ વહોરીને તમે દુઃખી ન થાઓ, એ જ આ લખાણનો આશય છે.**

છેલ્લી વાત, હાલ અતીન્દ્રિય જ્ઞાન ઉપલબ્ધ નથી. એ ભાઈને આ જ પાપનું આવું ફળ મળ્યું છે કે પૂર્વકૃત બીજા પાપનું, આ બાબતમાં આપણે ખાતરી સાથે કશું ન કહી શકાય. પણ દેવ-ગુરુ-સંઘ-જિનવાણીની આશાતનાથી તીવ્ર પાપબંધ થાય અને તેનું ફળ ખૂબ જ કડવું હોય એટલું તો - **आसाएंतो बहुसो अणंतसंसारिओ होइ** - આવા શાસ્ત્રવચનોથી જરૂર કહી શકાય છે. **शिवमस्तु सर्वजगतः ।**

સૌને સદ્‌બુદ્ધિ મળો, સૌનું ભલું થાઓ.

✻

# * પ્રભુ & Only પ્રભુ *

સંસાર જેવો કોઈ વાંકો દુશ્મન નથી, એ ગમે તેટલો સારો વ્યવહાર કરે તો ય વહેલા-મોડા ય એક તમાચો એવો મારી દે કે બધું જ વ્યર્થ થઈ જાય. બધાની ઈચ્છા છે કે બેડો પાર થઈ જાય. દીકરીનું ઠેકાણું પડી જાય એટલે બેડો પાર થઈ જાય, હજાર મહેનત કર્યા પછી માંડ ઠેકાણું પડે ને ત્રણ મહિને દીકરી પાછી આવે છે ને બેડો ડુબી જાય છે. બેડો એટલે હોડી. દીકરી ત્યાં જ છે પણ રોજ ફોન પર રડ્યા કરે છે ને બેડો ડુબી જાય છે. દીકરીના એક પછી એક ઘરેણા સાધારણ ખાતું બનતા જાય છે, ને બેડો ડુબી જાય છે. જમાઈની લફરા-કથા કાને આવે છે ને બેડો ડુબી જાય છે. જમાઈ એક્સીડન્ટમાં ઓન ધ સ્પોટ ઉપડી જાય છે, ને બેડો ડુબી જાય છે.

આ તો એક 'દીકરી'ની વાત થઈ. એમ પતિ, પત્ની, પૈસા, દીકરો, ધંધો, સગા, શરીર દરેક ક્ષેત્રે માણસની ઈચ્છા હોય છે કે મારો બેડો પાર થઈ જાય, પણ સંસાર એ બહુ જ ક્રૂર અને લુચ્ચો સાગર છે, એમાં માયા-પ્રપંચના વમળો છે, એમાં સ્વાર્થના તોફાનો છે, એમાં નુકશાનની ત્સુનામીઓ છે, એમાં રોગોની ભરતીઓ છે, એમાં અકસ્માતોના વાવાઝોડા છે.... બેડો સંઘર્ષ કરે કે માથા પછાડે એ આજીજી કરે કે ચીસો પાડે સંસારને કોઈની દયા આવતી નથી, એ ક્રૂર છે, એ નિષ્ઠુર છે, એ કપટી છે. એ લુચ્ચો છે. અનંત આત્માઓનો બેડો એણે અનંતવાર ડુબાડ્યો છે ને હવે આપણા બેડા પર એની નજર છે.

બચવું છે ? તો પ્રભુ સિવાય કોઈ જ શરણ નથી, એક પ્રભુ જ એવા છે, જેમની સામે સંસારના હાથ હેઠા પડે છે, એની બધી જ ત્સુનામીઓ અને તોફાનો ભોંઠા પડે છે, એના વમળો ને વાવાઝોડાઓ સ્તબ્ધ બનીને રહી જાય છે ને બેડો પાર થઈ જાય છે, જ્યાં મોક્ષમાર્ગના આંતરિક વિઘ્નો પણ ખલાસ થઈ જાય, ત્યાં બાહ્ય વિઘ્નોનું તો શું ગજું ?

✻

# * Really Yours *

સ્વ એટલે પોતાના, જન એટલે માણસ. જે પોતાના માણસ હોય એમને સ્વજન કહેવાય, પણ હકીકતમાં પોતાના હોય છે જ કોણ ?

સંસાર એ એવા નાટકનો સ્ટેજ છે, જેમાં પતિ/પત્ની/દીકરો/દીકરી/મા-બાપ બધા પોત પોતાનો રોલ પોતાની રીતે ભજવે તો છે, પણ ક્યારે કોણ કેવો ડાયલોગ બોલે એનો ભરોસો નહીં, ક્યારે કોણ કેવું વર્તન કરે એ નક્કી નહીં, અહીં સગો દીકરો અચાનક ગાળો ભાંડી શકે છે, અહીં સગી પત્ની બેવફા બની શકે છે, અહીં સગા પતિ દગો દઈ શકે છે, અહીં સગી દીકરી તિજોરી સાફ કરીને ભાગી શકે છે, અહીં સગી મા જીવનને નરક બનાવી શકે છે, અહીં સગો બાપ કોર્ટના ધક્કે ચડાવી શકે છે.

અકલ્પિત અણધારી આંચકાસભર ઘટનાઓની હારમાળા એટલે જ સંસારનું નાટક. જેમાં સ્વજનની ભ્રમણામાં માણસ જાત ઘસી નાંખે છે, જિંદગી નિચોવી નાંખે છે, પોતાનું બધું જ કુરબાન કરી દે, પોતાનું બધું જ એમનામાં ઈન્વેસ્ટ કરી દે, ને છેવટે એ પાર્ટી ઉઠી જાય, એના હાથ ઊંચા થઈ જાય, માણસનો શ્વાસ અદ્ધર થઈ જાય. એમને સ્વજન કઈ રીતે કહેવાય ?

ખરા સ્વજન છે પ્રભુ, જે કદી પણ હાથ ઊંચા કરતા નથી, ખરા પિતા છે પ્રભુ, જે કોર્ટના ધક્કા મટાડી દે છે, ખરી માતા છે પ્રભુ, જે સ્વર્ગને નીચે ઉતારી શકે છે. ખરા ભાઈ છે પ્રભુ, જે કોઈ ન આવે ત્યારે ય અચૂક આવે છે. ખરા બહેન છે પ્રભુ, જેમનું વાત્સલ્ય હંમેશા અખૂટ રહે છે.

**त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च सखा त्वमेव ।**
**त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव ।।**

પ્રભુ ! તમે જ માતા ને પિતા છો, તમે જ સ્વજન ને મિત્ર છો. તમે જ વિદ્યા અને ધન છો, ઓ દેવાધિદેવ ! આપ જ મારું બધું જ છો.

# * ખરેખર ન્યાલ *

માંગ્યા વિના તો મા પણ ન પીરસે - આવી સાંસારિક કહેવત છે, ભક્ત ના... ના... બસ... બસ... કહેતો રહે ને પ્રભુ એમની ઝોળી ભરી દે.

ગુરુદેવ ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિજી મ. કોઈ ગ્લાનાદિ મહાત્માને દવા, પત્ર વગેરે મોકલે ત્યારે સાથે વાસ્કેપ મોકલે, મહાત્મા પૂજ્યશ્રીના વાસ્કેપના બટવામાંથી કવરમાં બે-ત્રણ ચપટી જેટલો વાસ્કેપ ભરે, એટલે પૂજ્યશ્રી ઉપાલંભ આપે - ''તને વાસ્કેપ આપતા પણ નથી આવડતું.'' મહાત્મા પ્રશ્નસૂચક દૃષ્ટિએ પૂજ્યશ્રી સામે જૂએ, ને પૂજ્યશ્રી બટવો ને કવર પોતાના હાથમાં લઈ લે, ચપટી નહીં મુટ્ઠી પણ નહીં, કવરમાં બટવો ઊંધો વાળે, કવર ભરાતું જાય... ભરાતું જાય.. ભરાતું જાય બટવો ખાલી થતો જાય... ખાલી થતો જાય... ખાલી થતો જાય, મહાત્મા અનિમેષ આંખે જોયા કરે, છેવટે કવર આખું ભરાઈ જાય ને બટવો આખો ખાલી થઈ જાય, સાહેબ કવર સાથે ખાલી બટવો પણ મોકલી દેવા કહે, મહાત્મા કહે, ''એના કરતા બટવો જ આખો મોકલી દીધો હોય તો ?'' સાહેબ સ્મિત કરે... ''વાસ્કેપ આપવો ને વાસ્કેપ ભરી આપવો એમાં ઘણો ફરક છે. વાસ્કેપ ભરતા જઈએ તેમ તેમ સાથે વાત્સલ્ય ભરાતું જાય છે, આશીર્વાદ ભરાતા જાય છે, બારે ખાંગે વરસવાનું થાય છે. બે-ચાર ચપટી નાંખી દેવાથી કે વાટવો મોકલી દેવાથી આમાંનું કશું પણ થતું નથી.''

જો ગચ્છાધિપતિશ્રીનું પણ આવું વાત્સલ્ય હોય, તો પરમાત્મા તો અનંત કરુણાના સાગર છે, એમનું કેટલું વાત્સલ્ય હોય ? પરમાત્માનું શરણ લઈ લો, ખરેખર ન્યાલ થઈ જશો.

✷

# * જ્ઞાનપરબ - *Book Bank* *

## જિનશાસનના ટોચના લેખકોની બુક્સ એક જ સ્થાનેથી ઉપલબ્ધ કરવાનો નિઃસ્વાર્થ પુરુષાર્થ

❖ કોઈ પણ પુસ્તક ફક્ત ૧૦ રૂા. માં મળશે. પોકેટબુક ૫ રૂા. માં મળશે.

❖ મહાત્મા માટે તેમના પત્રથી નિઃશુલ્ક આપવામાં આવશે. કોઈને રૂબરૂ મોકલાય.

❖ પુસ્તક માટે રૂબરૂ આવવાનું રહેશે. અમે મોકલી નહીં શકીએ.

❖ ફોન દ્વારા સંપર્ક ન કરવો. પત્રવ્યવહારાદિ ન કરવો.

❖ રૂબરૂમાં પધારો, જે પુસ્તકો હાજર હોય તે મળી શકશે.

❖ આપેલું પુસ્તક પાછું ન દેવું, બીજા વાચકોમાં ફરતું રાખવું કે જ્ઞાનભંડારમાં મુકવું.

### ❈ વિશિષ્ટ લેખકો/પ્રકાશકોને ❈

❖ આપશ્રીના પરિશ્રમને સફળ કરવા માટે અમે આપની અને લોકોની વચ્ચે કડી બનવા માંગીએ છીએ. ❖ આપશ્રીની ઈચ્છા હોય તો આપશ્રીના લોકોપયોગી વિશિષ્ટ પુસ્તકની વધુમાં વધુ ત્રણ નકલ અમને અમારા સરનામે નિઃશુલ્ક પહોંચાડી શકશો. (ગુજરાતી કે અંગ્રેજી પુસ્તક મોકલી શકાશે.) ❖ વહીવટી મર્યાદાને કારણે અમે પુસ્તક લેવા-પાછા આપવા આવી શકતા નથી તે ક્ષમ્ય ગણશો. ❖ વહીવટી સુવિધા અને વિશિષ્ટ જ્ઞાનપ્રસાર આ બે ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને અમે કોઈ પણ પુસ્તકને ફક્ત ૧૦ રૂા.માં આપીશું. પોકેટબુક ફક્ત રૂા. ૫માં આપીશું. અને આ રીતે આવેલું અનુદાન આ જ સત્કાર્યમાં-જ્ઞાનપ્રસાર માટે વાપરી દઈશું, આટલું ધ્યાનમાં લઈ આપશ્રી પુસ્તક પાઠવી શકશો. ટોકન અનુદાન આપશ્રી સુધી પહોંચાડવામાં જુદા જુદા હિસાબો રાખવા વગેરે અનેક સમસ્યાઓ સર્જાય, તેથી આ પદ્ધતિનું ઔચિત્ય આપશ્રી સમજી શકશો.

**સરનામું :- જ્ઞાનપરબ - સુશ્રાવકશ્રી જગદીપભાઈ** (ઉંમર-૬૭ વર્ષ)

૫૨૮/૨, પાંચકુવા, અમદાવાદ-૩૮૦૦૦૨. બિરાજ ફેબ્રીકેશનના મેડા ઉપર

સમય : 3 pm. to 6 pm.

## * *Save* – મચણા *

મુકેશ રાઠોડ
૨૮ વર્ષનો તરવરિયો સિપાઈ
કારગિલ મોરચે બહાદુરીથી લડતા શહીદ થઈ ગયો.
હજી થોડા જ સમય પહેલા લગ્ન થયા હતા,
પત્નીને ચાર-સાડા ચાર મહિનાનો ગર્ભ હતો.

એક પત્રકારે એમના પપ્પા રમણભાઈને પૂછ્યું હતું -
ધારો કે તમારો મુકેશ અંધારામાં છુપાઈ ગયો હોત,
તો એ બચી ગયો હોત,
એ જીવતો પાછો આવ્યો હોત તો તમને ગમ્યુ હોત ?
રમણભાઈની આંખો લાલ થઈ...

**"હરગીઝ નહીં, એ મૃત્યુ પામ્યો એનું મને દુઃખ છે,**
**પણ એ આ રીતે જીવતો રહ્યો હોત**
**તો એ મારા કુટુંબની શરમ હોત.**
**બેટા ! દેશ માટે જાનની કુરબાની કરવાનો સમય આવે**
**ત્યારે એક ક્ષણ માટે પણ વિચાર કરીશ નહીં.**
**નાસી છૂટવું હોય તો લશ્કરમાં જોડાઈશ જ નહીં."**

પત્રકારે સમજુ બાને પૂછ્યું,
"બા, એક દીકરો ગુમાવ્યા પછી અને આ દીકરો મેળવ્યા પછી
અમારા માટે તમારો સંદેશ શો છે ?
જરૂર પડે તો તમે આ દીકરાને લશ્કરમાં મોકલો કે નહીં ?"

સમજુ બાની આંખોમાં ભારતીય નારીનું તેજ ઝળક્યું...
"બેટા, તું લેખક છે ને ? ને તારું છાપું તો સાંભળ્યું છે કે
ત્યાંય પહોંચે છે ને ? તો લખ.
**ભારતમાં હજી મારા જેવી એક કરોડ જીજાબાઈ જીવે છે**

**અને અનેક કરોડ શિવાજીઓ હજી આ દેશમાં પાકતા રહેશે.**
**અમે દીકરો ગુમાવવા તૈયાર છીએ, પણ દેશ નહીં.''**

મુકેશ રાઠોડ જવામર્દ હતો, સિંહ હતો,
દશને ભોં ભેગા કરીને પછી એ ઢળી પડ્યો હતો,
મુકેશને ગુમાવવો એ માત્ર પરિવાર માટે જ નહીં
પણ આર્મી માટે ય આઘાતજનક થઈ પડ્યું હતું.
પણ છતાં ય
મુકેશને ગુમાવવો એ એટલી ભયાનક ઘટના ન હતી.
જેટલી ભયાનક ઘટના એ હોત
કે જો સમજુ-બાને ગુમાવાયા હોત.
ખરો સવાલ શિવાજી મહારાજ કેટલું લડ્યા, કેટલું જીત્યા
એનો છે જ નહીં.
ખરો સવાલ તો એનો જ છે
કે જીજામાતા હયાત છે કે નહીં ?
જીજામાતા હશે તો શિવાજી મહારાજ પ્રગટ્યા જ કરશે.

**વર્તમાન સમયની સૌથી વધુ દર્દનાક ઘટના**
**મુકેશની શહીદી નથી પણ સમજુ-બાની વટલામણ છે.**
**સમજુ-બા આજે છાકટી છોકરી બની રહ્યા છે.**
**એના શીલ-સદાચાર-સંસ્કાર-મર્યાદા આ બધાની**
**કરપીણ હત્યા કરાઈ રહી છે.**
**કારગિલના મોરચે ચાલતી મશીનગનો કરતા લાખોગણી ભયાનક**
**મશીનગનો આજે તમારા ઘરે ચાલી રહી છે.**

હું નથી કહેતો કે દીકરી કપડા બીભત્સ પહેરી રહી છે,
હું કહું છું કે એ એના ખાનદાનની લાજ લૂંટી રહી છે.
હું નથી કહેતો કે એ કોલેજના ભયંકર વાતાવરણમાં ભણવા જાય છે
હું કહું છું કે એ દુરાચારના પાઠો ભણાવવા જાય છે.

હું નથી કહેતો કે એ લફરા કરી રહી છે
હું કહું છું કે આ સ્થિતિમાં લફરા સિવાય બીજું કાંઈ થઈ જ ન શકે.
હું નથી કહેતો કે એ બ્લેકમેઈલ થઈ રહી છે
હું કહું છું કે એનું આખું ય ભવિષ્ય કાળું ધબ્બ થઈ ગયું છે.
હું નથી કહેતો કે એ ક્યાં જશે ?
હું નથી કહેતો કે એ પાછી આવશે,
હું કહું છું કે એને જવું હશે કે નહીં એ પણ એક સવાલ હશે.
**હું નથી કહેતો કે ધર્મ ને શાસન જોખમમાં આવી જશે**
**હું તમને ગેરન્ટી આપીને કહું છું કે**
**તમારો પરિવાર જોખમમાં આવી જશે.**

**મને કહેવા દો**
કે દારૂ, સિગરેટ ને ડ્રગ્સ દીકરીના હોઠ સુધી આવી ગયા છે.
એનો સગો બાપ ને સગો ભાઈ એના પર નજર બગાડી ચૂક્યા છે.
**કેટકેટલા વાસનાભૂખ્યા વરૂઓ એને પીંખી નાંખવા માટે**
**લાગ શોધી રહ્યા છે.**
**એ યુઝ એન્ડ થ્રો થવા જઈ રહી છે.**
**એની આખી જિંદગીનું જોખમ થઈ જાય**
**એ ક્યાંયની ન રહે.**
**એ ખુદ દુઃખી દુઃખી થઈ જાય ને ઘર આખું દુઃખી દુઃખી થઈ જાય.**
**એવી પરિસ્થિતિની તલવાર બરાબર એના માથે લટકી રહી છે,**
તમે હજી નહીં જાગો તો ક્યારે જાગશો ?

મને કહેવા દો કે ફેશનનો વાંક છે... કલ્ચરનો વાંક છે...
સ્કુલ-કોલેજનો વાંક છે... મીડિયાનો વાંક છે... ગ્રુપનો વાંક છે
એના કરતા લાખગણો વાંક તમારો છે.

દીકરીમાં મયણા બનવાની બધી જ લાયકાત હતી
ત્યારે આપણે એની ઉપેક્ષા કરી.

એ મેડોના થવાના રસ્તે દોડતી રહી... પૂર ઝડપે દોડતી રહી.
આપણે એની ઉપેક્ષા કરી.
આપણી દૃષ્ટિએ આ સહજ ઘટના હતી.
પણ હકીકતમાં આના કરતા પણ વધુ ભયંકર ઘટના બીજી કોઈ જ નથી.
મયણાની હત્યા વિના મેડોનાનો જન્મ થઈ જ શકતો નથી.
ચપોચપ જિન્સ મયણાની હત્યા હોય છે
વેસ્ટર્ન કલ્ચર એ મયણાની હત્યા હોય છે.
જ્યાં ત્યાં પરણી જવું એ મયણાની હત્યા હોય છે.
**જ્યારે મયણા મરે છે ત્યારે શ્રીપાળ પણ મરે છે**
**જ્યારે મયણા મરે છે ત્યારે નવપદનું અસ્તિત્વ પણ**
**ફક્ત પોથીમાં ને સિદ્ધચક્રમાં રહી જાય છે.**
**જ્યારે મયણા મરે છે ત્યારે ભાવથી શાસન મરે છે.**
**જ્યારે મયણા મરે છે ત્યારે લાખો જિનાલયોનું**
**ચર્ચમાં રૂપાંતરણ થાય છે.**
**જ્યારે મયણા મરે છે ત્યારે પાંજરાપોળોની જગ્યાએ**
**કતલખાનાઓના શિલાન્યાસ થાય છે.**
**જ્યારે મયણા મરે છે ત્યારે સંઘયાત્રાનું સ્થાન**
**માત્ર ને માત્ર દુર્ગતિયાત્રા લઈ લે છે.**
જ્યારે મયણા મરે છે
ત્યારે ઉપધાનોનું સ્થાન ભયંકર દુરાચારો લઈ લે છે.
જ્યારે મયણા મરે છે
ત્યારે નવ્વાણુંઓ તો થાય છે પણ પાલીતાણાની નહીં, પાપ લીલાઓની.
જ્યારે મયણા મરે છે ત્યારે તીર્થો જીવતા હોય તો ય
તારવાના બદલે ડુબાડવાના સ્થાન બની જાય છે.
તપોવન સ્કુલનો માત્ર ને માત્ર એક જ ઉદ્દેશ્ય છે
મયણાની હત્યા થતી રોકી દેવી.
મયણાને બચાવી લેવી,

મયણાને જીવાડી દેવી
મયણા બચશે તો બધું જ બચી જશે.
મયણા મરશે તો બધું જ ખલાસ થઈ જશે.

શાસન ખલાસ, સંઘ ખલાસ, પરિવાર ખલાસ, સંપત્તિ ખલાસ, સ્વાસ્થ્ય ખલાસ, સુખ શાંતિ ખલાસ અને સદ્ગતિ ને મોક્ષ પણ ખલાસ.

તપોવનનો વ્યવહારિક અર્થ છે સ્કુલ,
**પણ નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦ તીર્થો**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦૦ જિનાલયો**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦ ઉપધાનો**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦ નવ્વાણુઓ**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦ છ'રી પાલિત સંઘયાત્રાઓ**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે ૧૦૦૦ ગિરિપૂજનો**
**તપોવનનો નૈશ્ચયિક અર્થ છે લાખો ધર્મશિબિરો.**
શાસ્ત્રદૃષ્ટિએ અને વ્યવહારિક દૃષ્ટિએ
વર્તમાનકાળના સર્વોત્કૃષ્ટ સુકૃતોમાંનું એક સુકૃત
એટલે આ તપોવન સ્કુલ.
જ્યાં તમારો એક એક રૂપિયો તમને અબજો x અબજોનું
વળતર આપી શકે.

જ્યાં તમે જિનશાસનના મૂળમાં સિંચન કરી શકો
જ્યાંથી તમે સમગ્ર જિનશાસનને નવપલ્લવિત કરી શકો
જ્યાંથી તમે જિનશાસનના સ્વર્ણિમ ભવિષ્યનું સર્જન કરી શકો
એ છે તપોવન સ્કુલ.

**ઉંબર પરનું કોડિયું દીકરી - અંદર બહાર પ્રકાશ.**
મયણા પિયરિયાને ય અજવાળશે ને સાસરિયાને પણ અજવાળશે
મયણા આભવને ય અજવાળશે ને પરભવને ય અજવાળશે
મયણા સંઘને ય અજવાળશે ને શાસનને ય અજવાળશે.

**મયણાના ખોળા ખુંદનારા**
**સંપ્રતિ ને કુમારપાળ બનશે**
**વસ્તુપાળ ને તેજપાળ બનશે**
**કલિકાલસર્વજ્ઞ ને હીરસૂરિ બનશે**
**હરિભદ્રસૂરિ ને મહોપાધ્યાયજી બનશે**
**તમે ફક્ત મયણા સુધીનું જોઈ લો**
**મયણા આગળનું બધું જ જોઈ લેશે.**
મયણા બધા જ અભ્યુદયોને જન્મ આપશે.
તમે ફક્ત મયણાને જીવવા દો
એ ચૂંથાઈ જાય, ભીંસાઈ જાય, પીસાઈ જાય, રહેંસાઈ જાય
એની પહેલા તમે ઠેર ઠેર મયણાના સર્જનકાર તપોવનો ઊભો કરી દો.
આપણી સામે શાસનમાતા પાલવ ધરીને ઊભા છે,
એમની આંખોમાંથી લોહીના આંસું ઝરી રહ્યા છે.
તમે કંઈ ને કંઈ આપવા આવ્યા છો,
પણ હજી તમારો હાથ થોડો પેક છે,
હજી મનમાં ગણિતો રમી રહ્યા છે,
હજી મન કંઈક ગડમથલ કરી રહ્યું છે.
જો આપણી શક્તિ કરતા આપણે પાછળથી મીંડું કાઢીને આપીએ છીએ,
તો જે બચાવ્યું, એ મીંડું જ રહેશે,
એ આપણને કશા કામમાં નહીં આવે,
ને જેમણે એકડો જ કાઢી નાંખ્યો એમનો એકડો જ નીકળી જવાનો છે.
જે શાસનને આપ્યું એ સોનું થશે,
જે જાતને આપ્યું એ ઝેર થશે,
મન મૂકીને શાસનમાતાની ઝોળી ભરી દો.
ખરેખર ન્યાલ થઈ જશો.

(તપોવન કન્યાશાળાના દાતા - કાંકરેજ સમાજના દાન કાર્યક્રમમાં અપાયેલ પ્રવચન તા.૨૨-૧-૨૧, ધર્મરસિક તીર્થ વાટિકા-વાસણા-અમદાવાદ.)

# * પ્રવચન–મર્યાદા *

- ❖ પ્રવચનસભામાં ફોન લઈને આવ્યા હો તો ઓન ન હોવો જોઈએ.
- ❖ બાયચાન્સ ઓન હોય તો ફોનની રીંગ વાગવી ન જોઈએ.
- ❖ જો રીંગ વાગી જાય તો પ્રવચનમાં ખલેલ પડે. બધાને જિનવાણીમાં અંતરાય કર્યાનું પાપ લાગે જેનું પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ ભગવંત આયંબિલ, ઉપવાસ વગેરે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને આપે.
- ❖ પ્રવચનમાં ફોનની સ્ક્રીન જોવાથી પણ જિનવાણીની આશાતનાથી પ્રાયશ્ચિત્ત આવે, ગીતાર્થ ગુરુ ભગવંત ઉપરોક્ત રીતે આયંબિલ, ઉપવાસ વગેરે આપે.
- ❖ ચાલુ પ્રવચને ફોન રિસિવ કરવો – વાત કરવી એ ઘણું મોટું પાપ છે. જેનું પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુભગવંતો દ્રવ્યાદિ અનુસાર ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ વગેરે આપે.

પ્રવચન સભા

એ સમવસરણનો પર્યાય હોય છે.

શુદ્ધ જિનમતપ્રકાશક સૂરિ ભગવંત એ તીર્થંકરનો પર્યાય હોય છે.

**तित्थयरसमो सूरी सम्मं जो जिणमयं पयासेइ ।**

તમે

અહીં આમાન્યામાં રહો,

અહોભાવમાં અને અનુશાસનમાં રહો,

તો લખલૂટ કમાણી છે.

અપરંપાર લાભ છે.

Plz.

Be Alert.

ક્યાંય એવું ન બને કે

આપણે પામવાને બદલે ગુમાવી દઈએ.

# * ભાવભરી વિનમ્ર વિનંતી *

સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ શ્રીજયઘોષસૂરજી મહારાજા
કહેતા હતા કે

‘‘વ્યાખ્યાનના સમયે જિનાલય માંગલિક રાખવું જોઈએ. પર્યુષણ પર્વમાં પણ વ્યાખ્યાનના સમયે જિનાલય માંગલિક રાખવું જોઈએ. એક બાજુ ભગવાનની વાણી ચાલતી હોય, એને અવગણીને આપણે ભગવાનની પૂજા વગેરે કરીએ એમાં ભગવાનની વાણીનું પણ અપમાન છે અને ભગવાનનું પણ અપમાન છે.’’

જો વ્યાખ્યાનના સમયે પૂજા પણ ન કરાય
તો બીજી સાંસારિક પ્રવૃત્તિઓ તો શી રીતે કરાય ?
વર્ષો સુધી આપણે અવિવેકમાં રહ્યા.
ચાલો, હવે વિવેક લાવીએ
જિનવાણીશ્રવણ માટે સજ્જ બનીએ.
છતાં જો ગાઢ કારણસર આપશ્રીને
વ્યાખ્યાનના સમયે જ પૂજા વગેરે કરવું પડે
તો આટલો ખાસ ખ્યાલ રાખશો.

(૧) વાહનોને પ્રવચનહોલથી ૧૦૦ ફૂટ દૂર છોડી દેશો.
(૨) પ્રવચનહોલના ૧૦૦ ફૂટના સંપૂર્ણ પરિસરમાં સંપૂર્ણ મૌન રાખશો.
(૩) જિનાલય પ્રવચન હોલની નજીક હોય તો બધી જ પ્રવૃત્તિ સંપૂર્ણ મૌનપૂર્વક કરશો.
(૪) ઘંટનાદ માનસિક રીતે કરશો.

જિનવાણી-શ્રવણમાં એક સેંકડનો પણ અંતરાય કરવાથી એકાગ્રતા-ભાવધારા-સાતત્ય-પદાર્થસ્તર... બધું તોડવાનું પાપ લાગે છે. ભૂલથી પણ આવું પાપ ન થાય તે માટે કાળજી રાખવા વિનંતી.

✻

## * અષ્ટાહ્નિકા નવરંગ સંયમોત્સવ *

### *Specialy for tommorrow's* **JINSHASAN**

દીક્ષોત્સવોમાં જો બાળકોને પ્રાયોરિટી અપાય ને બજેટનો મોટો ભાગ વિવિધ સ્પર્ધાઓના ઈનામો રૂપે અપાય તો ચમત્કારિક પરિણામો મળી શકે છે. અહીં એવા પ્રકારના દીક્ષોત્સવનો નમૂનો આપેલ છે.

| દિવસ | કલર | પ્રાતઃ પ્રવચન – 9 a.m. | પ્રવચન-પ્રતિયોગિતા (પ્રવચન આધારિત) | પરફોમન્સ-કોન્ટેસ્ટ – 3 p.m. (પ્લેટ-પ્લેટ ન રમવું, ફક્ત ૪-૬ લગાવવા) | ભક્તિ – કોન્ટેસ્ટ – 8 p.m. |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રીન | Green Signal to Jinshasan | 1 Page Summery Writing | 100 Sec. Speech on Sayyam | Group Singing on Sayyam Songs (1 Group - 5 Members' & 3 Minutes) |
| ૨ | ઓરેન્જ | કેશરિયો રંગ જિનશાસનનો આપજો | 1 Song Writing (૫ કડી, તમને ગમતા રાગમાં) | 100 Sec. Request (તમે મમ્મી-પપ્પા પાસે સંયમ લેવા રજા માંગી રહ્યા છો. એવી સ્પીચ) | Group Singing on Sayyam Stuties (1 Group - 5 Members & 3 Minutes) |
| ૩ | યેલ્લો | Bright Jinshasan | 1 Poetry Writing (૩ કડી, તમને ગમતા રાગમાં) | 1 Min. સંયમ સંવેદના જિનશાસનના ઐતિહાસિક મહામુનિઓના શબ્દોમાં (દા.ત.ગજસુકુમાલમુનિ,મેતરાજમુનિ) | સમૂહ ભક્તિ ભાવના (Highest ભક્તિભાવવાળા Winners બનશે) તમને આવડે તે વાજિંત્રો લાવી શકો. |

| દિવસ | કલર | પ્રાતઃ પ્રવચન - 9 a.m. | પ્રવચન-પ્રતિયોગિતા (પ્રવચન આધારિત) | પરફોમન્સ-કોન્ટેસ્ટ - 3 p.m. (પ્લેટ-પ્લેટ ન રમવું, ફક્ત ૪-૬ લગાવવા) | ભક્તિ - કોન્ટેસ્ટ - 8 p.m. |
| --- | --- | --- | --- | --- | --- |
| ૪ | રેડ | Red Signal to મોહરાજા | 1 Page Feelings Writing (આજનું પ્રવચન સાંભળી તમે જીવનમાં શું અમલ કરશો ?) | આંગી સ્પર્ધા on Sayyam (1 Group - 5 Members') | નૃત્ય પૂજા - આપણે જ ગાશું આપણે જ વગાડીશું, આપણે જ નાચીશું. (ભાઈઓ-બહેનો જુદા જુદા જિનાલયમાં) |
| ૫ | બ્લુ | OCEAN of the Jinshasan | 1 Page Wishes Writing (તમે જિનશાસન માટે શું કરવા માંગો છો ? | Sayyam Board - સ્પર્ધા સંયમ વિષે સ્લોગન/સુવાક્ય લખવાનું (ઓછા શબ્દો-મોટી સાઈઝના શબ્દો) | ડિસિપ્લીન સ્પર્ધા (સંયમ બોર્ડ સાથે Walk સંયમફેરી Walk - 6.30 p.m.) |
| ૬ | વ્હાઈટ | Lighting Jinshasan | 1 Page on My Favourite Character in Jinshasan Who & Why ?) | મને વેષ શ્રમણનો મળજો રે Best dress = શ્રમણવેષ Why ? 100 Sec. Speech | Worst dress = western dress why ? 100 Sec. Speech |
| ૭ | સિલ્વર | વર્ષીદાન વરઘોડો | શ્રેષ્ઠ વાહન શણગાર + વાહન પર સુવાક્ય લેખન સ્પર્ધા | | દીક્ષાવિધિને શ્રેષ્ઠ ભાવ-સંવેદના સાથે માણવાની સ્પર્ધા |
| ૮ | ગોલ્ડન | પાવન પ્રવ્રજ્યા | શ્રેષ્ઠ આર્ય વેષભૂષા મુમુક્ષુ સાથે દીક્ષા મંડપમાં આવવાની સ્પર્ધા | | દીક્ષાવિધિને શ્રેષ્ઠભાવ-સંવેદના સાથે માણવાની સ્પર્ધા |
| ૯ | પિંક | પાવન પગલા | શિસ્ત + નારા સાથે ચાલવાની સ્પર્ધા | | પ્રવચનને માણવાની સ્પર્ધા. |

# ✻ *Plan : તીર્થ* ✻

કોઈ પણ તીર્થનું નિર્માણ કર્યા પછી નિર્માતાનો એક ભાવ હોય છે, કે તીર્થ હંમેશા લોકોથી ભરેલું રહેવું જોઈએ. જેનાથી નિર્માણ સાર્થક થાય અને નિભાવના પ્રશ્નો ઊભા ન થાય. પણ પ્રાયઃ આવું શક્ય બનતું નથી. મોટા ભાગનો પ્રવાહ મોટા તીર્થો તરફ હોય, નાના તીર્થો અઢળક હોય. કુલ યાત્રાળુ પણ ઓછા હોય. એક તીર્થના ભાગે કેટલા આવે ? જે આવે એ ય રજાઓમાં. બાકીના દિવસોમાં સ્ટાફ જમ્યા કરે, પગારોના મીટરો ચડ્યા કરે, સંચાલકો જાહેરાતો આપ્યો કરે – 'આ તીર્થની યાત્રાએ પધારો...' પણ...

**શું એવો કોઈ ઉપાય હોઈ શકે કે તીર્થ બારે માસ ૩૬૦ દિવસ ભરેલું જ રહે ? હા, એવો ઉપાય છે, જેનું નામ છે ધ્યાનશિબિર. એક બાજુ અધ્યાત્મ અને ધ્યાનની ભૂખથી લાખો લોકો નવા ફાંટાઓમાં ફંટાઈ રહ્યા છે. ને બીજી બાજુ સુંદર નૈસર્ગિક વાતાવરણમાં ધર્મશાળા-ભોજનશાળા વગેરે સગવડો સાથે આપણા તીર્થો એમ ને એમ પડ્યા છે. આ સ્થિતિમાં પદ્ધતિસરની ધ્યાનશિબિરોની શૃંખલા શિબિરાર્થી માટે, તીર્થ માટે અને શાસન માટે ખૂબ ખૂબ હિતકારી બની શકે છે.**

## કોણ કરાવે ?

નવા ફાંટાની ધ્યાનશિબિરમાં વક્તા વગેરે નથી હોતા. રેકોર્ડિંગ કરાવેલ ધ્યાન-કોમેન્ટ્રી અને પ્રવચન દાયકાઓથી ચાલી રહ્યું છે. જેમાં વર્ષોથી કોઈ પરિવર્તન કરાતું નથી. હા, શંકા-સમાધાન માટે એક વ્યક્તિ હોય છે. જે અમુક પ્રશિક્ષણ આપવા દ્વારા અને ધ્યાન-અનુભવ કરાવવા દ્વારા આપણે ય ગોઠવી શકીએ છીએ.

## ધ્યાન કોમેન્ટ્રી અને પ્રવચન ક્યાંથી મેળવવું ?

આંતરયાત્રા, પરમ આનંદનું મંગલ દ્વાર, ધ્યાનદીપિકા, ધ્યાનામૃત વગેરે ધ્યાનાવિષયક સુંદર પુસ્તકો વિવિધ ગુરુ ભગવંતોએ તૈયાર કર્યા છે.

દશ દિવસની ધ્યાનશિબિર માટેનો સંપૂર્ણ પ્લાન 'આત્મૈષણા' પુસ્તકમાં છે. ધ્યાન અને ધ્યાનયાત્રા આ બંને પુસ્તકોમાં ધ્યાનશિબિર પ્રવચનો છે. (નિઃશુલ્ક ઈ-બુક માટે લિંક - bit.ly/priyambooks)

કાંઈ સારા વક્તા શ્રાવક ગંભીર સ્વરમાં એક વાર આની પ્રસ્તુતિ કરે તે આખી જિંદગી કામ લાગી શકે છે.

## લોકો આવશે ?

**નવા ફાંટામાં બે-બે ત્રણ-ત્રણ મહિના વેઈટીંગ ચાલે છે. નિયમોનું કડક પાલન થાય, સિસ્ટમ ટોપ કલાસના હોય તો આપણે ત્યાં ચાર-ચાર મહિનાનું વેઈટીંગ થશે એ નક્કી છે.**

## પણ આ બધું કેવી રીતે કરવું ?

બીજાઓ જમીનથી માંડીને સંપૂર્ણ સંકુલ બનાવવા સુધીની જફાઓ કરીને નવા નવા કેન્દ્રો ખોલી રહ્યા છે. તો આપણું તો બધું જ રેડી છે. ફક્ત એનો ઉપયોગ કરવાનો છે. જૈનો-અજૈનો બધા મોટા પ્રમાણમાં આવે એવી શક્યતા છે. ખરા અર્થમાં શાસન પામે એવો લાભ છે, તો શા માટે આમાં પાછા પડવું ?

## શરૂઆત ક્યાંથી કરવી ?

અનુભવી જ્ઞાની મહાત્મા/પંડિતવર્ય પાસે પાંચ/દશ/વીશ જણની પ્રશિક્ષણ-ધ્યાનશિબિર રાખવી. જેમાં તેઓ પોતે અનુભવ કરે - સ્વયં ધ્યાનમાં ડુબે - પરિણતિ મેળવે ને પછી તેમાંથી એવા યોગ્ય વ્યક્તિ મળી રહે જે સતત કે આંતરે-આંતરે સેવારૂપે કે સવેતન શિબિર સંભાળી શકે, આંતરે આંતરે સંભાળનારા ત્રણ-ચાર જણ મળી રહે, તો ય સતત શિબિરો ચાલી શકે. ને ૪-૬ મહિના શિબિરો ચાલે પછી તો એમાંથી જ નવા નવા સ્વયં સેવકો-સમર્પિતો મળતા રહેશે.

## *Do you know ?*

**એક જ જૈને નવાફાંટાના ધ્યાનકેન્દ્રને ૧૦૦ કરોડનું દાન આપ્યું છે.**

**હજારો જૈનો ફંટાઈ રહ્યા છે અને અનંત પુણ્યથી મળેલ જિનશાસનને ગુમાવી રહ્યા છે. જિનશાસન એમને સાચી શાંતિ આપવા માટે સજ્જ હતું. પણ આપણે એ માટેનું પ્લેટફોર્મ ન આપ્યું. એટલે લોકો ફંટાયા. બીજે-ત્રીજે શાંતિ શોધવા ગયા. ત્યાં ભ્રામક શાંતિ મેળવી તેઓને ઉપકાર અનુભવાયો. પરિણામે તેઓ ત્યાં તન-મન-ધન ન્યોચ્છાવર કરવા લાગ્યા. સંઘ લૂંટાયો. નવા ફાંટાઓ સમૃદ્ધ થયા. એમને સમર્પિત સેવકો પણ મળ્યા ને કરોડો રૂપિયા પણ મળ્યા. તેઓ વધુ ને વધુ સદ્ધર થતા ગયા. જિનશાસનની-શ્રીસંઘની સ્થિતિ કથળતી ગઈ. હજી પણ આવું જ થઈ રહ્યું છે, એક ચોક્કસ સમયગાળામાં શ્રીસંઘ લગભગ ખાલી થઈ જાય એવી સંભાવના છે, જિનશાસન સતત બદનામ થઈ રહ્યું છે કે 'અહીં આડંબરો-ઉત્સવો-અહંકારો જ છે, પણ શુદ્ધ જ્ઞાન-ધ્યાન-અધ્યાત્મની સાધના નથી', શું શાસન પર લગાવાતા આવા તદ્દન ખોટા કલંકને ધોઈ નાંખવાની આપણી ફરજ નથી ?**

## છેલ્લી વાત

તીર્થ તોટા ઊભા કરવા માટે ય નથી હોતું ને તોટા પૂરા કરવા માટે ય નથી હોતું. તીર્થ શ્રેષ્ઠ આરાધના માટે હોય છે. લોકોની રાહ જોઈને.. હાથ લંબાવીને... દયામણું બનેલું તીર્થ હોય એમાં શાસનની નામોશી છે. લોકો આવવા માટે પડાપડી કરતા હયો, લાઈનમાં ઊભા હોય ને તીર્થ wait કરવાનું કહેતું હોય, એમાં શાસનનું ગૌરવ છે. આપણે ઈચ્છીએ તો આવું ગૌરવ ટૂંક સમયમાં અપાવી શકીએ છીએ.

✻

# * વાજિંત્રપૂજા *

(જૈન બેંડ મંડળને હિતશિક્ષા)

બેન્ડ એવું વગાડજો
કે મોહરાજાનું બેન્ડ વાગી જાય,
પ્રોફેશનલ બેન્ડ અને તમારું બેન્ડ
આ બેના લુકમાં તો આસમાન-જમીનનો ફરક હોય જ છે,
એમના ને તમારા હૃદયના
ભાવોમાં પણ આસમાન-જમીનનો ફરક હોવો જોઈએ.
આને 'બેન્ડ' નામ ભલે આપો,
શાસ્ત્રીય ભાષામાં આને વાજિંત્રપૂજા કહેવાય.
જે વાજિંત્રપૂજા કરવા દ્વારા
અષ્ટાપદ પર રાવણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું,
તે જ વાજિંત્રપૂજા તમને પણ મળી છે.
આ ફક્ત બીટ્સ નથી, ફક્ત સંગીત નથી,
આ તમારી પૂજા છે, ભક્તિ છે, ઉપાસના છે.
એટલા ઉત્કૃષ્ટ ભાવોથી તમે આમાં જોડાજો,
કે તીર્થંકર નામ કર્મનું સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રાપ્ત થઈ શકે.
કોઈ પણ પ્રોગ્રામમાં આવો એની પહેલાથી જ
હૃદયમાં એક ભાવવિશ્વ ખડું કરો
કે હું દેવ-ગુરુ-ધર્મની ભક્તિ માટે,
ઉપાસના માટે જઈ રહ્યો છું.
મારે ઉત્કૃષ્ટ ભાવો સાથે - હૃદયની ભીનાશ સાથે
આજની ભક્તિ કરવી છે.
ખૂબ અનુમોદના.
ખૂબ આશીર્વાદ.

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **શિક્ષાસમીક્ષા (હિં)** - પાઠ્યપુસ્તક વિમર્શ
૨. **શ્લોક સૌંદર્ય (ગુ.હિં.)** - વીણેલા મોતી
૩. **એફ - 2** - Faith Festival
૪. **વિઝન** - દૃષ્ટિ, જે તમારી સૃષ્ટિને બદલી દેશે
૫. **લેટર્સ** - રાજકીય પત્રપ્રેરણા
૬. **કોરોના-સ્કેન્ડલ** - પર્દાફાશ

## BOOKS FOR THE JAINS

૧. **Heart જિનશાસન** - સંઘ નહીં તો કશું નહીં
૨. **Mission જિનશાસન** - સંપૂર્ણ સાધર્મિકભક્તિ
૩. **Plan પર્યુષણ** - લોકડાઉન માર્ગદર્શન
૪. **પ્રયાગ** (હિં.) - સદ્ગુણોનો ત્રિવેણી સંગમ
૫. **મિશન શેત્રુંજી** - રક્ષા-અભિયાન
૬. **સંઘ** - સફળ સંચાલન
૭. **ગાઈડન્સ** - વિવિધ માર્ગદર્શન
૮. **માણિભદ્ર સંવેદના** - આસો સુદ ૫ - સંવાદ
૯. **દિવાળી** - ગુરુ ગૌતમની અનુભૂતિ
૧૦. **ગેરન્ટી** - ડેફિનેટલી મોક્ષ
૧૧. **Vision જિનશાસન** - સ્વપ્નિલ દૃષ્ટિ
૧૨. **એક્ચ્યુઅલ એજ્યુકેશન** - જો તમે દીકરાના દુશ્મન હો તો નહીં વાંચતા
૧૩. **સિદ્ધાચલ-આધ્યાત્મિકયાત્રા** - સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ - સ્તવનધારા
૧૪. **જિનપૂજા** - પ્રેરણા-સંગ્રહ
૧૫. **પરિણતિ-પાવનયાત્રા** - Heart જિનશાસન પ્રવચનધારા
૧૬. **બધું જ ખલાસ થઈ જાય તે પહેલા** - જો તમે દુઃખી થવાનું નક્કી જ કરી લીધું હોય તો ન વાંચતા

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

૧. **સત્ સંવાદ** - સંતત્વ માટે સંતોની સાથે
૨. **સંવર સંવાદ** - સર્વકર્મના પ્રવેશ-નિષેધ માટેની વાત
૩. **સમુદાય** - સર્વ સમુદાય ઉત્કર્ષ વિચાર

## BOOKS FOR THE GENERAL PUBLIC

| | | |
|---|---|---|
| ૧. | **Mission સ્વચ્છ સાયબર** (હિં.ગુ.) | - સફાઈ સામગ્રી |
| ૨. | **નારી ગરિમા** | - ૧૬ વર્ષની દીકરી માટે ૧૬ પાના |
| ૩. | **Court Says** (હિં.ગુ.) | - ગંદા પ્રસારતંત્ર પર કોર્ટની સમાલોચના |
| ૪. | **સર્વ ધર્મશાસ્ત્રોં કે અભિપ્રાય** (હિં.) | - ગંદા પ્રસારતંત્રનો સર્વ ધર્મો દ્વારા વિરોધ-સચિત્ર |
| ૫. | **સર્વ ધર્મગુરુઓં કે અભિપ્રાય** (હિં.) | - વિવિધ ધર્મસંપ્રદાયો દ્વારા ગંદા પ્રસારતંત્રનો વિરોધ |
| ૬. | **લાઈન્સ On ગાઈડલાઈન્સ** (હિં.) | - પ્રસારતંત્ર ગાઈડલાઈન પર સીધા પ્રશ્ન |
| ૭. | **રાષ્ટ્રહિત - પત્રવ્યવહાર** (હિં.) | - પ્રસારતંત્ર-સ્વચ્છતા માટેના પ્રયાસો |

## BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **Journey જિનશાસન** | - શાસનયાત્રા |
| ૨. | **પર્યુષણ-૧** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૩. | **આરાધનાયાત્રા** | - પંચવસ્તુક-વાચના (હસ્તલિખિત) |
| ૪. | **Management : પાર્શ્વ** | - લાઈફ સિક્રેટ્સ |
| ૫. | **પ્રવાહ** | - વિવિધ લેખો |
| ૬-૧૦. | **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** | - પ્રવચનધારા ભાગ ૧૨ થી ૧૬ (હસ્તલિખિત) |
| ૧૧. | **પેરન્ટીંગ-સર્જરી** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૧૨. | **ધ્યાનયાત્રા** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

| | | |
|---|---|---|
| ૧. | **સંજ્ઞાન સંવાદ** | - શ્રમણ વાચના |
| ૨. | **વિરક્તિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૩. | **વિશુદ્ધિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૪. | **પરિણતિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૫. | **વિરતિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૬. | **પ્રવ્રજ્યા ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૭. | **પરમ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |

## પેમ્ફલેટ સાહિત્ય

बावशी और बारिश (हिं.) - સપ્રેમ સમજાવટ

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.